લોકસત્તા જનસત્તા વડોદરા ગુરુવાર ૧૩ મે, ૨૦૨૧ 09

# પૌષક લિમિટેડ

CIN: L51909GJ1972PLC044638
રજીસ્ટર્ડ ઓફિસઃ એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦૦૦૩
ફોનઃ +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦
**E-mail:** investors@paushak.com| **Website:** www.paushak.com

## નોટીસ
## (કંપનીના ઈક્વિટી શેર્સ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં તબદિલ કરવા બાબત)

આ નોટીસ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬ ('નિયમો') અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નિયમોમાં, અન્ય બાબતો ઉપરાંત, એવા બધાજ શેર્સ કે જે શેર્સ ઉપર સતત સાત વર્ષો સુધી ડીવીડન્ડ ચૂકવાયું નથી કે શેરધારક દ્વારા માંગણી કરાઇ નથી તે ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF)નાં ડીમેટ ખાતામાં તબદીલ કરવાની જોગવાઈ છે.

નિયમોમાં નિર્ધારિત વિવિધ આવશ્યકતાઓનું પાલન કરતા, કંપનીએ જેમના શેર આ નિયમો અન્વયે IEPF ડીમેટખાતામાં તબદીલ કરવાપાત્ર થાય છે તે લાગતા વળગતા બધા જ શેરધારકોને વ્યક્તિગત રીતે યોગ્ય કાર્યવાહી કરવા જાણ કરી છે.

કંપનીએ આવા શેરધારકોની વિગતો જેવી કે નામ અને ફોલીઓ નંબર/ ડીપી આઇડી, ક્લાયન્ટઆઇડી નીચે દર્શાવેલ વેબલીંક પર મુકેલ છે.
https://www.paushak.com/IEPF.aspx
માંગણી નહી કરાયેલ ડીવીડન્ડની વિગતો નીચે દર્શાવેલ વેબલીંક પર ઉપલબ્ધ છે:
https://www.paushak.com/unpaid-or-unclaimed-dividend.aspx
શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ વિગતોને ચકાશે અને તેમના માંગણી નહી કરાયેલ ડિવિડન્ડનો દાવો તરતજ કરે.

જેમના શેર્સ IEPF ડીમેટ ખાતામાં તબદીલ થવા પાત્ર છે તેવા શેરધારકોએ નોંધ લેવી કે તેમના શેર્સ ફીઝીકલ કે ઇલેક્ટ્રોનિક ફોર્મમાં, કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા સમયાંતરે સૂચિત પ્રક્રિયા અનુસાર IEPF ડીમેટખાતામાં સ્થાનાંતરિત કરવામાં આવશે. ફીઝીકલ ફોર્મમાં શેર્સ ધરાવતા શેરધારકોના સંદર્ભમાં, IEPF ના ડીમેટ ખાતામાં શેર્સના સ્થાનાંતરણ પછી, તેમના નામમાં નોંધાયેલા મૂળ શેર સર્ટીફીકેટો આપોઆપ રદ થઇ જશે અને બિન વાટાઘાટપાત્ર (નોન - નેગોશીયેબલ) માનવામાં આવશે. ડીમેટ ફોર્મમાં શેર્સ ધરાવતા શેરધારકોના સંદર્ભમાં, કંપની IEPF ડીમેટ ખાતાની તરફેણમાં તેમના ડીમેટ ખાતામાં રહેલા શેર્સના ટ્રાન્સફર માટે કોર્પોરેટ એક્શન દ્વારા સંબંધિત ડીપોઝીટરીને જાણ કરશે.

શેરધારકોએ વધુમાં નોંધ લેવી કે કંપનીએ પોતાની વેબસાઇટ ઉપર મુકેલી વિગતો કંપની દ્વારા નિયમો અનુસાર IEPF ડીમેટ ખાતામાં તબદીલ કરવા માટે અને નવા શેર સર્ટીફીકેટો જારી કરવા માટે પૂરતી નોટીસ તરીકે ગણાશે.

જો ૧૬મી ઓગષ્ટ, ૨૦૨૧ અથવા કંપની દ્વારા લંબાવવામાં આવેલી અન્ય તારીખ સુધીમાં સંબંધિત શેર ધારકો તરફથી કોઇ સુચના પ્રાપ્ત નહીં થાય તો નિયમોમાં કરાયેલી જોગવાઇના અનુપાલનમાં આ શેર્સ નિયત તારીખે તે નિયમોમાં આપેલી કાર્યપધ્ધતિ પ્રમાણે કંપનીના કોઇપણ પ્રકારની આગળની કાર્યવાહી અથવા જવાબદારી વગર IEPF ડીમેટ ખાતામાં તબદીલ કરાશે.

શેર ધારકોએ નોંધ લેવી કે IEPF માં તબદીલ થયેલા, ન ચુકવાયેલા ડીવીડન્ડ અને શેર્સ અને તેમની ઉપર મળી શકતા બધા લાભો, જો કોઇ હોય તો, સહીત નિયમ પ્રમાણેની કાર્યપદ્ધતિ મુજબ IEPF ઓથોરીટી પાસેથી વેબ ફોર્મ IEPF-5 ભરીને પરત મેળવી શકશે.

જો શેરધારકોને આ વિષયમાં કે નિયમો અંગે કોઇ પ્રશ્ન હોય તો તેઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ્સ લીંક ઇન ટાઇમ ઇન્ડીયા પ્રા. લી., બી-૧૦૨ અને ૧૦૩, શાંગ્રીલા કોમ્પ્લેક્સ, ૧લા માળે, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, અકોટા, વડોદરા - ૩૯૦ ૦૨૦. ફોન +૯૧ ૨૬૫ ૨૩૫૬૫૭૩, ૬૧૩૬૦૦૦ ઇ-મેલ : vadodara@linkintime.co.in નો સંપર્ક કરે.

**પૌષક લિમિટેડ વતી,**
સહી/-
**મનીષા સરાફ**
કંપની સેક્રેટરી

સ્થળઃ વડોદરા
તારીખઃ ૧૨મી મે, ૨૦૨૧

આ નોટીસ કંપનીની વેબસાઇટ www.paushak.com ઉપર ઇનવેસ્ટર સેક્શનમાં અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.bseindia.com ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમા પણ ઉપલબ્ધ છે.